# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
# ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

એચ-31 થી 34 અને એચ-53, ઇ.એસ.આઇ. હોસ્પિટલ સામે, જીઆઇડીસી એસ્ટેટ, ઓઢવ,
અમદાવાદ-382415. ફોન નં. :079-22871202, મો નં. : 9409367407.
Email : oia_odhav@yahoo.com


ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

**ઓઢવ બુલેટીન**


પરીપત્ર નં.: 06/2024-25
તારીખ : 03/02/2025


**BY THE MEMBER - OF THE MEMBER - FOR THE MEMBER**


| પ્રમુખ | સી. ઉપપ્રમુખ | ઉપપ્રમુખ | માનદમંત્રી | ખજાનચી | સહ માનદમંત્રી | સહ ખજાનચી |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| શ્રી મુકેશ વેકરીયા<br>22892302 | શ્રી પરેશ પટેલ<br>22974559 | શ્રી દિવ્યેશ લાડવા<br>22870002 | શ્રી રાજેશ પટેલ<br>22890011 | શ્રી દર્શન મહેતા<br>22871924 | શ્રી કિરણ પટેલ<br>9825067399 | શ્રી ધર્મેન્દ્ર પંચાલ<br>9376198218 |


## પ્રમુખશ્રીનો સંદેશ...

પ્રિય ઉદ્યોગકાર મિત્રો,

આપ સૌ કુશળ હશો... વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક એવા કુંભ મેળામાં કરોડો લોકો આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે એવા પવિત્ર દિવસો ચાલી રહ્યા છે.

આ અંક હાથમાં આવતા સુધીમાં આપણું યુનિયન બજેટ પણ રજૂ થઈ ચૂક્યું હશે. આપણે આશા રાખીએ કે ઉદ્યોગકારો અને મધ્યમવર્ગને બજેટથી ફાયદો થાય અને આગામી વર્ષોમાં આપણે વિશ્વની ત્રણ આર્થિક મહાસત્તામાં સ્થાન પામીએ.

મિત્રો, એસોસિયેશનના તમામ હોદ્દેદારો ઉદ્યોગકારોના હિતમાં મહેનત કરી રહ્યા છે છેલ્લાં બે મહિનામાં કરેલા મુખ્ય કામોનો રીપોર્ટ રજુ કરતા આનંદ અનુભવું છું.

★ આપણું સ્નેહમિલન તા.03-01-2025 ના રોજ યોજાયું. જેમાં 800 લોકોએ ભાગ લીધો. સ્વાદિષ્ટ ભોજન સાથે ગુજરાતી ગીતોનો જાજરમાન જલસો "બારમાસી વૈભવ" નો આંનદ માણ્યો.

★ OIA અને AMA ના સંયુક્ત પ્રયાસથી આપણા ઉદ્યોગકારો માટે તા.18-01-2025 ના રોજ MSME Conclave નું આયોજન થયું. જેમાં 60 થી વધુ ઉદ્યોગકારોએ લાભ લીધો. AMA ના સહયોગથી આપણે સેમિનારો કરી રહ્યા છીએ. જેમાં ભાગ લેવા આપને અનુરોધ કરું છું.

★ તા.25-01-2025 ના રોજ ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ એસોસીએશનના સહયોગથી "BIS Standard Awareness" અંગેનો કાર્યક્રમ યોજાઈ ગયો.

★ આપણા લાઈફ મેમ્બરના નવા આઈડી કાર્ડ આપવાના શરૂ કર્યા છે. આશા રાખું છું આપને મળી ગયા હશે.

★ જીઆઈડીસીના બ્યુટીફિકેશન માટે ઝાડને કુંડા તથા ઝાડની નંબર પ્લેટ લગાવવાનું મોટાભાગનું કામ પૂર્ણ થયેલ છે.
નવી લાઈબ્રેરીની શરૂઆત કરેલ છે. જેનો લાભ લેવા આપને આમંત્રણ છે.

★ ખારીકટ કેનાલના નવીનીકરણ કામના ભાગરૂપે કેનાલ ક્રોસ કરવા માટે ડકટલાઈનમાંથી આપણી વોટર લાઈન પસાર કરવાનું કામ પૂર્ણ કરેલ છે.

★ જે મેમ્બરોના પાણીના મીટરો બંધ હતા તેઓના 175 થી વધુ નવી ટેક્નોલોજી સાથેના મીટરો બદલવામાં આવ્યા છે.

★ હાઉસિંગ કોલોનીમાં જતા પાણીના મેઝરમેન્ટ માટે 200mm તથા 100mm ના વોટર મીટર લગાવ્યા.

આપસૌના સહકારથી અમે આગળ પણ લોક હિતના કામો કરતા રહીશું એવા વિશ્વાસ સહ,

મુકેશ વેકરીયા (પ્રમુખશ્રી)
ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

**પોતે સુરક્ષિત... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## સ્નેહમિલન (ગેટ-ટુ-ગેધર) કાર્યક્રમ

સભ્યમિત્રો,

ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા તા.03-01-2025 ને શુક્રવારના રોજ એસોસીએશનનાં **સ્નેહમિલન (ગેટ-ટુ-ગેધર)** કાર્યક્રમ યોજાઈ ગયો. **જેમાં ગુજરાતી ગીતોનો જાજરમાન જલસો "બારમાસી વૈભવ" નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા (માનનીય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય) હતા.** ઉપરાંત આ કાર્યક્રમમાં GIDC, GPCB, AMC, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેમજ અન્ય એસોસીએશનના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના હોદ્દેદારો અને એસોસીએશન સભ્યો હાજર રહ્યા હતા.














## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની લાયબ્રેરી અંગે

નુતન વર્ષ પ્રારંભે અમો ઉદ્યોગના સભ્યો માટે **OIA KNOWLEDGE CENTRE (LIBRARY)** શરૂ કરવામાં આવેલ છે. આ લાઇબ્રેરી **તા.04 જાન્યુઆરી, 2025 થી સત્તાવાર રીતે કાર્યરત થઈ ગઈ છે, સૌ ઉદ્યોગકાર મિત્રો આ નિ:શુલ્ક સેવાનો લાભ લઈ શકો છો. આ લાઈબ્રેરીની સમયસીમા સવારે 10:30 થી સાંજે 5:00, સોમવાર થી શનિવાર સુધી રહેશે.** આપ એસોશિયેશનના પરિસરમાં બેસીને વાંચવાનો લાભ લઇ શકો છો.

**આપને હાર્દિક આમંત્રણ છે કે લાઈબ્રેરીની મુલાકાત આવશ્ય લઈ જ્ઞાનના મહાસાગરમાં ડુબકી લગાવો.**

પોતે સુરક્ષિત... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન હવે સોસિયલ મીડિયા ઉપર પણ ઉપલબ્ધ છે

આપણા ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોચાડવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જેમાં આપણું એસોસીએશન સોસિયલ મીડિયા (X, Facebook, Linkedin) ઉપર પણ ઉપલબ્ધ છે. જેમાં એસોસીએશન ધ્વારા થતી તમામ સ્કીલ ડેવલોપમેન્ટની એક્ટીવીટી સાથે ઉદ્યોગકારશ્રીઓને લગતી અન્ય માહિતી પણ સેર કરવામાં આવશે જે આપ નીચે આપેલ લીંકને ફોલો કરી જોઈ શકો છો. ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ધ્વારા નમ્ર વિનંતી છે કે નીચે આપેલ લીંકને વધુમાં વધુ Share/Follow કરી એસોસીએશનની કામગીરીને આગળ વધારવા મદદરૂપ થશો સાથે આ બાબતે આપના સૂચનો આવકાર્ય છે.

- X: https://x.com/OIASOCIALGROUP/status/1852350429335531646
- Facebook: https://www.facebook.com/profile.php?id=61565733814493
- LinkedIn: https://www.linkedin.com/posts/oiaofficial_smes-businesschallenges-entrepreneurship-activity-7258115373412061184-PQ8n?utm_source=share&utm_medium=member_desktop

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી "Strategic Selection Of Export Markets For Products" સેમીનાર

તા.28-11-2024ને ગુરુવારના રોજ બપોરે 03:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે "Strategic Selection Of Export Markets For Products" વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી અંકિત મજમુદાર હતા. જેમને "Export Markets of Products" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી.





## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી "Local To Global - The Next Level Supply Chain Management" સેમીનાર

તા.29-11-2024ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે "Local To Global - The Next Level Supply Chain Management" વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા મેજર શ્રી ભગીરથસિંહ જાડેજા હતા. જેમને "Supply Chain Management" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી.






પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

### અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી “Engineering Exports In GCC And Iraq” સેમીનાર

તા. 12-12-2024ને ગુરુવારના રોજ બપોરે 03:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે “Engineering Exports In GCC And Iraq” વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી અંકિત મજમુદાર હતા. જેમને "Exports In GCC & Iraq" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી.





### અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી “Crisis In Human Resource Management:Why Your Employees Leave The Job?” સેમીનાર

તા.13-12-2024ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે “Crisis In Human Resource Management: Why Your Employees Leave The Job?” વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી ઊર્જિત કવિ હતા. જેમને "Human Resource Management" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી.





### અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી “The Psychology Of Selling” સેમીનાર

તા.20-12-2024ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે “The Psychology Of Selling” વિષય ઉપર એક સેમીનારનું આયોજન થયું. જેમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી સાલેલભાઈ ભટ્ટ હતા. જેમને "Selling" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી.





પોતે સુરક્ષિત... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી "Banking & Finanace For Exporters And MSMEs" સેમીનાર

તા.26-12-2024ને ગુરુવારના રોજ બપોરે 03:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે "Banking & Finanace For Exporters & MSMEs" વિષય ઉપર એક સેમીનારનું આયોજન થયું. જેમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી ગૌરાંગભાઈ વસાવડા હતા. જેમને "Banking & Finance" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી.





## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી "મોબાઈલ જ્ઞાન અને માર્ગદર્શન" કાર્યક્રમ

તા.28-12-2024ને શનિવારના રોજ બપોરે 09:30 થી 01:30 કલાકે એસોસીએશન ઓફીસ ખાતે એક્ટીવ વડીલો માટે નિ:શુલ્ક "મોબાઈલ જ્ઞાન અને માર્ગદર્શન" અંગે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિવૃત બેંકર શ્રી જે.બી. પટેલ અને શ્રી રમેશ સી. મુલવાણી હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું. 87 થી વધુ વડીલોએ ભાગ લઈ આ કાર્યક્રમને ખુબજ સફળ બનાવ્યો હતો. સેમીનાર બાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.








## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી "Incorporating Advertising & Brand Strategy In Your Marketing Compaign" સેમીનાર

તા.10-01-2025ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે "Incorporating advertising & brand strategy in your marketing campaiing" વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી ડૉ. બેલુર બક્ષી હતા. જેમને "Incorporating advertising & brand" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી.





**પોતે સુરક્ષિત... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી "Digitalizing Factories To Reduce Operating Cost" સેમીનાર

તા.17-01-2025ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે "Digitalizing factories to reduce operating cost" વિષય ઉપર એક સેમીનારનું આયોજન થયું. જેમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી અમિત સલુજા હતા. જેમને "Reduce Operating Cost" વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપી.





## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સહયોગથી "MSME Conclave 2025"

તા.18-01-2025ને શનિવારના રોજ સવારે 09:00 થી 02:00 કલાકે એસોસીએશન કોન્ફરન્સ રૂમ ખાતે "MSME Conclave 2025" નું આયોજન કરવામાં આવ્યું. જેમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના ચેરમેન શ્રી પદમીનભાઈ બુચ સાથે ડૉ. જમીનભાઈ વસા તેમજ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી આવેલ આસી. ડાયરેક્ટરશ્રી. ટી. કે. સોલંકી અને આસી. કમિશ્નર શ્રી તેજશ મહેતા હાજર હતા સાથે સીડબીના DGM શ્રી આકાશ પવાર સાથે કાલુપુર કોમર્સિયલ બેંકના આસી. જનરલ મેનેજરશ્રી ડૉ. મૌલી બોડીવાલા હાજર રહ્યા હતા. હાજર રહેલ તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓએ પોતાના વિષય મુજબ ખુબ જ સરસ માર્ગદર્શન આપ્યું.

ઓઢવના 60 થી વધુ ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો અને કાર્યક્રમ બાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.











ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વ્યવસાય વેરા વિભાગ ધ્વારા તા.06-01-2025, સોમવારના રોજ સવારે 10:00 થી સાંજે 04:00 કલાક દરમ્યાન ઓઢવ એસોસીએશન ઓફીસ ખાતે ખાસ **"વ્યવસાય વેરા વિભાગનો કેમ્પ"** નું આયોજન કરવામાં આવ્યું. જેમાં આ કેમ્પનો લાભ ઉદ્યોગકારશ્રીઓ લીધો હતો.

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## નવા Advance Technology વાળા DS TRP પાણીના મીટર અંગે

**ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. દરેક સભ્યમિત્રોના હિત માટે સતત કાર્યરત છે.** અમોને ધ્યાનમાં આવ્યું છે કે ઘણાં સમયથી અમુક સભ્યોના પાણીના મીટરો બંધ છે અને બદલવામાં વિલંબ થઈ રહયો છે. **આથી ઓઢવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા નવા Advance Technology વાળા DS TRP પાણીના મીટરનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે આ નવા મીટર Highly Accuracy વાળા તેમજ કંપની દ્વારા પાંચ (5) વર્ષની રિપ્લેસમેન્ટ ગેરંટીવાળા છે.** (ગેરંટી માટે : મીટર પર લાગેલ કંપનીનું સીલ તુટેલું ના હોવું જોઈએ)

જુના મીટરમાં કોઈપણ પ્રકારની ગેરંટી આપવામાં આવતી નહોતી અને વખતોવખત ખરાબ થવાને કારણે OEIDL ને અને સભ્યોને ઘણું જ નુકશાન થતું હતું. આથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**નવા મીટરનો ખર્ચ નીચે મુજબનો રહેશે.**

- **15mm** - 2000/- + 350/- મીટર બદલી (200/-) અને સીલ ખર્ચ (150/-) + 400/- ફિલ્ટર ખર્ચ + 18% GST.
- **20mm** - 3950/- + 350/- મીટર બદલી (200/-) અને સીલ ખર્ચ (150/-) + 480/- ફિલ્ટર ખર્ચ + 18% GST.
- **25mm** - 5150/- + 350/- મીટર બદલી (200/-) અને સીલ ખર્ચ (150/-) + 525/- ફિલ્ટર ખર્ચ + 18% GST.
- **40mm** - 11900/- + 350/- મીટર બદલી (200/-) અને સીલ ખર્ચ (150/-) + 18% GST.
- **50mm** - 16900/- + 350/- મીટર બદલી (200/-) અને સીલ ખર્ચ (150/-) + 18% GST.

**જે સભ્યોના હાલના મીટર બંધ છે તેઓએ આ મીટર ફરજિયાતપણે OEIDL પાસેથી ખરીદી અને બદલવાના રહેશે.** હવે પછી જે સભ્યોના પાણીના મીટર 1 મહિનાથી વધારે સમય માટે બંધ રહેશે તેઓ પેનલ્ટી ચૂકવવાને પાત્ર રહેશે.

નોંધ :-
**જે એકમો એસોસીએશન સભ્યપદ ધરાવે છે તેઓ પાસેથી મીટર ફીટીંગ ચાર્જ લેવામાં આવશે નહિ.** હાલ જે એકમ **(પ્રાઈવેટ એસ્ટેટ સિવાયના)** ને એસોસીએશન આજીવન સભ્ય બનવું હોય તો તેઓ પાસેથી પણ મીટર ફીટીંગ ચાર્જ લેવામાં આવશે નહી.

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર (PHC, L-213) માં આપ નીચે મુજબની OPD સુવિધાઓનો લાભ લઈ શકો છો. આપ સર્વે સભ્યમિત્રોને વિનંતી કે, આપની કંપનીમાં કામ કરતાં કામદારભાઈઓને પ્રાથમિક સારવાર કેન્દ્ર વિષે માહિતી આપશો તથા આકસ્મિક સમયે તેનો અવશ્ય લાભ લે તેવી તજવીજ કરશો.

### ઉપલબ્ધ સુવિધાઓ

- ★ અનુભવી નિષ્ણાત ફીઝીશીયન દ્વારા નિ:શુલ્ક (મફત) OPD સેવા આપવામાં આવશે.
- ★ દરેક પ્રકારના તાવનું નિદાન તથા સારવાર કરવામાં આવશે.
- ★ ઝાડા, ઉલટી, કમળો તથા પેટનાં દર્દ વગેરેની સારવાર કરવામાં આવશે.
- ★ બી. પી. તપાસવામાં આવશે.
- ★ ડાયાબીટીસની તપાસ રૂ. 20/- (પટ્ટી દીઠ) તપાસ ફી સાથે તપાસવામાં આવશે.
- ★ ઈજા થયે ધનુરનું ઈન્જેક્શન આપવું, શરીર ઉપર ઊંડો ઘા પડે તો ટાંકા લેવા.
- ★ દર્દીને આંખમાં પથરી (હેમરી) પડે તો કાઢી આપવી.
- ★ ECG હૃદય પટ્ટી રીપોર્ટ રૂ. 20/- તેમજ ઓક્સીજન કોન્સન્ટ્રેટરની સુવિધા પણ ઉપલબ્ધ છે.

તપાસ તેમજ દવાનો ચાર્જ
નિ:શુલ્ક (મફત)

**સમય**

બપોરે : 02:00 થી 05:00 કલાકે

સોમવાર થી શનિવાર
રવિવારે રજા રહેશે.

**ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન**
**સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર**
એલ-૨૧૩, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫.
મો. નં. : 9409367407, ફોન નં. : 22871202

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) ના ફેબ્રુઆરી 2025 ના આગામી પ્રોગ્રામ

Odhav Industries Association

# OIA – AMA PROGRAMS
## FEBRUARY 2025

**Venue for all Programs:**
**ODHAV INDUSTRIES ASSOCIATION**
**H-31 to 34 & H-53, Opp. ESI Hospital, Nr. Chotalal's Chawl,**
**G.I.D.C. Estate, Odhav, Ahmedabad - 382 415.**
**E-mail: odhaveidl@gmail.com**

| No | Date/Time | Topic | Faculty | Fees (Incl. 18% GST) |
|---|---|---|---|---|
| 1. | February 20<br>3.00 PM to 6.00 PM | BRANDING & ADVERTISING FOR MSMEs | Mr. Sanjay Chakraborty | 500 |
| 2. | February 27<br>3.00 PM to 6.00 PM | LEVERAGING INDIA'S FREE TRADE AGREEMENTS FOR EXPORTS | Mr. Suhayl Abidi | 500 |
| 3. | February 28<br>4.00 PM to 6.00 PM | LEARNERS' FORUM ON 'EFFECTIVE ENTREPRENEURSHIP' | Mr. B N Dastoor | NO FEE |

**ALL THE PROGRAMS WILL BE CONDUCTED AT OIA CAMPUS**
Please send your registration details mentioning name of the programme, programme date, participant name, mobile number and e-mail ID on: ama@amaindia.org;
Phone No.: 079 26308601 to 5, WhatsApp. No. 7203030990

**THIS PROGRAM LIST IS SUBJECT TO CHANGE.**
**PLEASE REFER TO AMA WEBSITE FOR LATEST UPDATES.**

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં જાહેરાત અંગે

આપનાં ધંધા-વ્યવસાયની ઓઢવ જીઆઈડીસી વિસ્તારમાં જાહેરાત આપવા માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં **કલર/બ્લેક એન્ડ વાઈટ જાહેરાત** આપીને આપશ્રી આપનાં ધંધા-વ્યવસાયનો બહોળો પ્રચાર કરી શકો છો. આ માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં કલર/બ્લેક એન્ડ વાઈટ જાહેરાત આપવાનાં નવા ભાવ **18 % GST સાથે** નીચે મુજબ છે.

| સાઈઝ | | માસિક બુલેટીનનો દર (અંક દીઠ) | | વાર્ષિક બુલેટીનનો દર | |
|---|---|---|---|---|---|
| | | બ્લેક એન્ડ વાઈટ | કલર | બ્લેક એન્ડ વાઈટ | કલર |
| ક્વોટર પેજ | 06 X 18.5 cm | રૂ. 779/- | રૂ. 1298/- | રૂ. 9346/- | રૂ. 15576/- |
| હાફ પેજ | 12 X 18.5 cm | રૂ. 1558/- | રૂ. 2336/- | રૂ. 18691/- | રૂ. 28037/- |
| ફૂલ પેજ | 24 X 18.5 cm | રૂ. 2596/- | રૂ. 3894/- | રૂ. 31152/- | રૂ. 46728/- |

વાર્ષિક બુલેટીનના ભાવ 12 મહિનાની જાહેરાત ઉપર 02 મહિનાની જાહેરાત વધારે આપવામાં આવશે. જેનો કોઈ ચાર્જ લેવામાં આવશે નહી. **જાહેરાતના 18 % GST સાથેના નવા ભાવ 01-04-2024 થી 31-03-2025 સુધી અમલમાં લેવામાં આવશે.**

**માસિક પાણીના બીલની પાછળના ભાગમાં જાહેરાત પ્રિન્ટ કરી આપવા માંગતા હોય તેઓ માટેનો ચાર્જ રૂ.11500/- + 18 % GST અને જો જાહેરાત પ્રિન્ટ કર્યા વગર આપવાની હોય તો રૂ.7500/- + 18 % GST સાથેનો ચાર્જ લાગશે.**

પોતે સુરક્ષિત... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## સર્વિસ રીક્વેસ્ટ અંગે (ફરિયાદ અંગે)

ઓઢવ ઔધોગિક વિસ્તામાં પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, કચરો, સાફ-સફાઈ, રોડ-રસ્તા વગેરે બાબતોને લગતી સર્વિસ રીક્વેસ્ટ (ફરિયાદ) હોય તો આપે નીચે આપેલ નંબર અથવા ઈ-મેઈલ ઉપર આપની કંપનીનું નામ, પ્લોટ નંબર, રોડ નંબર, ફરિયાદની વિગત અને જગ્યા, વ્યક્તિનું નામ, મોબાઈલ નંબર સાથે જે તે ફરિયાદનો ફોટો આપી **સર્વિસ રીક્વેસ્ટ નોંધાવી નંબર લેવા વિનંતી.** જેથી આપને સર્વિસ આપવામાં સરળતા રહે.

**મોબાઈલ નંબર : 9409367407 અને ફોન નંબર : 079-22871202**

**ઈ-મેઈલ આઈડી : odhaveidl@gmail.com અને oia_odhav@yahoo.com**

## બાકી યુઝર કોન્ટ્રીબ્યુશન ભરવા અંગે

**ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા ઓઢવ ઔધોગિક વસાહતમાં STP Plant બનાવવા જઈ રહ્યા છીએ.** નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટ ના આદેશથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઓઢવ ઔધોગિક વસાહતના ગટર કનેકશનો કાપી નાખવામાં આવેલ હતા તેના અનુસંધાને તા.26/11/2021 શુક્રવારના રોજ એસોસીએશન ઓફીસ ખાતે તમામ એકમોની એક્સ્ટ્રા ઓર્ડીનરી જનરલ મીટીંગમાં ચર્ચા કર્યા પ્રમાણે **જે એકમોનું યુઝર કોન્ટ્રીબ્યુશન ભરવાનું બાકી છે તેઓએ તાકીદે ભરવા વિનંતી છે.** જો યુઝર કોન્ટ્રીબ્યુશન તાત્કાલિક ભરવામાં નહીં આવે તો આપણા એકમના પાણી તેમજ ગટર જોડાણો કાપી દેવામાં આવશે.

**આપણા એકમનું યુઝર કોન્ટ્રીબ્યુશન ભરવાનું બાકી છે કે નહી તેની માહિતી મેળવવા માટે આપે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફિસનો સંપર્ક કરવો** અને જો બાકી હોય તો આપણા એકમનું વર્ષ 2015-2016 નું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પ્રોપર્ટી ટેક્ષ બીલ રજુ કરી તે પ્રમાણે ભરવાપાત્ર રકમ આપવામાં આવશે તે રકમનો ચેક **"ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી."** ના નામેથી આપવાનો રહેશે.


A.S. INDUSTRIAL CORPORATION
SINCE 1996 | ISO 9001:2015
www.asindustrialcorporation.com
ELECTROPLATING SERVICES
> ELECTROLESS NICKEL
> HARDCHROME
> GRINDING
> ZINC
> ZINC NICKEL ALLOY
> PHOSPHATING
UNIT 1
C-17, Road no. 3
Odhav G.I.D.C
Opp. Watertank
Ahmedabad-382415
Bindesh Shah : 9825763998
Harshil Shah : 9409292722
asindcorpo@yahoo.co.in

A.S. INDUSTRIES
SINCE 1996
www.asindustrialcorporation.com
SERVICES
> POWDER COATING
> ABRASIVE BLASTING
> GLASS BEAD BLASTING
> ZINC SPRAY
> PAINTS
UNIT 2
Plot 13, Road 1/A
Kathwada G.I.D.C
Opp. Deshma
Ahmedabad- 382430
Vinay Shah : 9428420500
Manan Shah : 9426016004
asindustries.kath@gmail.com

TÜV SÜD
FLEXICAB®
INDUSTRIES




Mfg. : "Flexflon" 'PTFE' Teflon Wire/Sleeve
"Flexiglass" Fiber Cable/Sleeve,
Silicon Rubber Cable, DMD 'Decron' Cable,
Polyester Sleeve & Cord,
Thermocouple Extension Lead Wire
Uninyvin Cables





પોતે સુરક્ષિત... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

AMCO BANK
Multi State Scheduled Bank

# THE AHMEDABAD MERCANTILE CO-OPERATIVE BANK LTD.

Multi State Scheduled Bank with a Wide Network of 34 BRANCHES across Ahmedabad, Vadodara, Surat & Mumbai

**HEAD OFFICE :** "AMCO HOUSE", Near Stadium Circle, Navrangpura, Ahmedabad - 380 009. **Phone :** (079) 26426582 / 84 / 88
**Web :** www.amcobank.com • **E-mail :** info@amco-bank.com

- **8.50%*** HOUSING LOAN
- **7.90%* TO 8.25%*** CAR LOAN
- **8.75%*** WORKING CAPITAL LOAN
- **8.85%*** DOCTORS LOAN
- **8.75%** LOAN AGAINST GOVT. SECURITIES
- **9.00%*** SOLAR ROOF TOP LOAN

## એમ્કો પ્રાઈમ
વ્યાજ દર : ૮.૨૫%*
(Linked with Repo Rate)
(પ્રાઈવેટ લિમીટેડ, પબ્લીક લિમીટેડ કંપની અને LLP)



રૂા. ૫.૦૦ કરોડ થી
રૂા ૪૦.૦૦ કરોડ સુધીની
કોર્પોરેટ ધિરાણો માટેની
આકર્ષક યોજના

- **9.00%*** SECURED C.C.AGAINST PROPERTY
- **8.75%*** PLANT & MACHINERY LOAN
- **8.75%*** EDUCATION LOAN
- **9.25%*** INDUSTRIAL SHED LOAN

વ્યાજ દર **7.25%*** | વ્યક્તિગત / પેઢી / કંપનીઝ (રોકાણની મુદત ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી)

વ્યાજ દર **7.75%*** | સિનિયર સિટીઝન (૬૦ વર્ષ કે તેથી વધુ) (રોકાણની મુદત ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી)

વ્યાજ દર **6.75%*** | ટેક્ષ સેવિંગ્સ ડિપોઝીટ (આવકવેરાની કલમ ૮૦ક હેઠળ રૂા.૧,૫૦,૦૦૦ સુધીનું રોકાણ ૫ વર્ષ માટે)

વ્યાજ દર **7.25%*** | NRE ડિપોઝીટ (રોકાણની મુદત ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી)

**વ્યાજ દર તા. ૦૧-૦૭-૨૦૨૪ થી અમલમાં**

| થાપણની મુદત (ફીક્સ ડીપોઝીટ) | વ્યાજ દર |
|---|---|
| ૭ દિવસ થી ૪૫ દિવસ | 3.75% |
| ૪૬ દિવસ થી ૯૦ દિવસ | 3.75% |
| ૯૧ દિવસ થી ૧૮૦ દિવસ | 4.50% |
| ૧૮૧ દિવસ થી ૩૬૪ દિવસ | 5.75% |
| ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી | 7.25% |
| ૨ વર્ષ થી વધુ તથા ૩ વર્ષ સુધી | 7.00% |
| ૩ વર્ષ થી વધુ તથા ૫ વર્ષ સુધી | 6.75% |
| ૫ વર્ષ થી વધુ તથા ૭ વર્ષ સુધી | 6.00% |

*શરતોને આધિન અને વ્યાજના દર વખતો વખતના ફેરફારને આધિન

Shri Sharadbhai P. Shah
Chairman

Shri Amratbhai C. Patel
Vice Chairman

Shri Avani Kumar Jain
(C.E.O.)


પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...